RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. ૫૮૫,૫૮૮ તા.૨૫–૧–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળા
સામાવાળાઃ– ડે.કમિ. અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)
ડે.કમિ.(પીએન્ડડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ શહેર વિકાસ)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળાની તા. ૦૫–૧૨–૧૧ની અરજીથી આઈ ડી નં.૧૨૮૧ થી પ્રશ્ન નં.૧મુદ્દા નં. (૧)રાંદરેગામમાં પોપટ મોહલ્લાની નજીક અમાની ટેરેસ એપાર્ટમેન્ટને વિકાસ પરવાનગી આપવામા આવી છે ?(ગુજરાતી શાળા નજીક) પ્રશ્ન નં.ર મુદ્દા નં.(૧) રાંદેરગામ પાંચ હાટડી પાસે શો–મેન ટેલરની બાજુમા નવું એપાર્ટમેન્ટને વિકાસ પરવાનગી આપવામા આવી છે ? (મસ્જીદ નજીક) પ્રશ્ન નં.૩ મુદ્દા નં.(૧) રાંદેરગામ પાંચ હાટડી પાસે,હરીશ પાન સેન્ટરની બાજુમા નવું એપાર્ટમેન્ટને વિકાસ પરવાનગી આપવામા આવી છે ? (મસ્જીદ નજીક) વિ. તમામ મુદ્દા નં.(૧)થી(૭)ની માહિતી આપવા બાબત આઈ ડી નં.૧૨૮૬તથા રામાનંદચાર્ય સંસ્કાર સરિતા વિદ્યાભવન હની પાર્ક રોડ પર બાંધવામાં આવેલ સ્કુલ વિકાસ પરવાનગી બાબતે મુદ્દા નં.૧ થી ૧૦ ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૫–૧–૧૨ ની **SMC/FAP/** નં.૫૮૫,૫૮૮/૨૦૧૧–૧૨

શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળાની તા. ૦૫–૧૨–૧૧ની અરજીથી આઈ ડી નં.૧૨૮૧ થી પ્રશ્ન નં.૧મુદ્દા નં. (૧) રાંદેરગામમાં પોપટ મોહલ્લાની નજીક અમાની ટેરેસ એપાર્ટમેન્ટને વિકાસ પરવાનગી આપવામા આવી છે ?(ગુજરાતી શાળા નજીક) પ્રશ્ન નં.ર મુદ્દા નં.(૧) રાંદેરગામ પાંચ હાટડી પાસે શો–મેન ટેલરની બાજુમા નવું એપાર્ટમેન્ટને વિકાસ પરવાનગી આપવામા આવી છે ? (મસ્જીદ નજીક) પ્રશ્ન નં.૩ મુદ્દા નં.(૧) રાંદેરગામ પાંચ હાટડી પાસે,હરીશ પાન સેન્ટરની બાજુમા નવું એપાર્ટમેન્ટને વિકાસ પરવાનગી આપવામા આવી છે ? (મસ્જીદ નજીક) વિ. મુદ્દા નં.(૧)થી(૭)ની માહિતી આપવા બાબત તથા આઈ ડી નં.૧૨૮૬તથા રામાનંદચાર્ય સંસ્કાર સરિતા વિદ્યાભવન હની પાર્ક રોડ પર બાંધવામાં આવેલ સ્કુલ વિકાસ પરવાનગી બાબતે મુદ્દા નં.૧ થી ૧૦ ની માહિતી આપવા અંગે આઈ ડી નં.૧૨૮૧ બાબતે ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)ના પત્ર નં. વેસ્ટઝોન/ આરટીઆઈ સેલ/૮૭૯ તા. ૨૮–૧૨–૧૧થી તથા આઈ ડી નં.૧૨૮૬ અંગે ટીડીઓ/આ.નં.૩૮૫ તા.૧૩–૧૨–૧૧ થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૫–૧–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. અરજદારની તા.૫–૧૨–૧૧ ની અરજીઓથી બાંધકામને લગતા સરખા વિષય વસ્તુને લગતી હોઈ બે અરજીઓનું જોડાણ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા/ ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા અરજદારે જણાવેલ સ્થળ સ્થિતિ આધારે પ્લાન મંજુરી દફતરેથી ઉપલબ્ધ થઈ શકે તેમ છે કે કેમ ? તે સ્પષ્ટ કરવા તેમજ અરજદારને રજૂ કરવા જણાવેલ વિગતો ટીપી સ્કીમ નંબર કે ફાયનલ પ્લોટ નંબર તેઓ કયા સ્ત્રોતથી મેળવી રજૂ કરી શકે તે પણ જણાવવા વિનંતી છે તથા બન્ને મુદ્દા અંગે પ્રશ્ન નં.૧ અને ૨ માં આપેલ માહિતીમાં મુદ્દા નં.૫ અને૬ની દફતરી વિગત સ્પષ્ટ કરવા અંગે અપીલ નં.૫૮૫ થી પત્ર નં.આરટીઆઈ સેલ/૧૬૬૦ તથા અપીલ નં.૫૮૮ અંગે પત્ર નં.આરટીઆઈ સેલ/૧૬૬૩ તા.૪–૨–૧૨ થી** ડે.કમિ. અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) ,ડે.કમિ.(પીએન્ડડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ શહેર વિકાસ તથા

અરજદારને બાંધકામ સ્થળે પ્રદર્શિત ડીસ્પ્લે બોર્ડ, મનપાની વેબસાઈટ કે મહાનગરપાલિકાના સીવીક સેન્ટર કે ઝોન કચેરી ખાતેથી ઉપલબ્ધ ટી.પી. પ્રોગ્રામ હેઠળ સ્થળ, સ્થિતિ સ્પષ્ટ કરી જાહેર માહિતી અધિકારીને જણાવવા પ્રયત્ન કરેલ છે કે કેમ ? તે સ્પષ્ટ કરવા તથા અપીલમાં નમૂના–'ક'ની અરજી તા. ૧૨–૧૧–૧૧જણાવેલ છે ફીની રસીદ તા. ૫–૧૨–૧૧ છે નમૂના–'ક'ની તા. ૧–૧૨–૧૧ની નકલ રજૂ કરેલ છે તે અંગે વિસંગતતા સ્પષ્ટ કરવા સાથે આપને મળેલ પ્રત્યુત્તર સામે નારાજગીની વિગતો મુદ્દાવાર આધાર સહ સ્પષ્ટ કરવા તથા પક્ષકાર જાહેર માહિતી અધિકારી પણ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અપીલ નં.૫૮૫ અંગે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં. વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૧૭૧ તા.૧૫–૨–૧૨ થી પૂરક વિગતોમાં અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં./૮૭૯ તા.૨૮–૧૨–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. અપીલ નં.૫૮૮ અંગે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/ આ.નં. ૧૦૭૨ તા.૧૫–૨–૧૨ થી પૂરક વિગતોમાં અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈ/ આ.નં.૮૮૨ તા.૨૮–૧૨–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૬૬ તા.૧૮–૨–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/જાવક/૧૬૫૪ તા. ૭–૧૨–૧૧ થી તબદીલ કરેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.ટીડીઓ/૩૮૫ તા.૧૩–૧૨–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા. ૫–૧૨–૧૧ ની આઈ ડી નં. ૧૨૮૧ ની અરજીથી રાંદેર ગામતળ વિસ્તારમાં પોપટ મહોલ્લો તેમજ રાંદેરગામ પાંચ હાટડી પાસેના સ્થળ ઉપરના બાંધકામ અંગેની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સુરત મહાનગરપાલિકાને સંબોધતી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ.જે સેન્ટ્રલઝોન તરફથી સે.ઝોન/ આરટી આઈ/જાવક/૧૬૫૪ તા.૭–૧૨–૧૧ થી નિયત સમય અવધિમાં કાર્યપાલક ઈજનેર રાંદેરઝોનને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૮૭૯ તા.૨૮–૧૨–૧૧ થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

અપીલ નં.૫૮૫ અંગે વિભાગ–૧ ના મુદ્દા નં.(૧) ) રાંદેરગામમાં પોપટ મોહલ્લાની નજીક અમાની ટેરેસ એપાર્ટમેન્ટને વિકાસ પરવાનગી આપવામા આવી છે ?(ગુજરાતી શાળા નજીક) તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી રાંદેરગામમાં પોપટ મહોલ્લાની નજીક અમાની ટેરેસ એપાર્ટ. ને વિકાસ પરવાનગી રાંદેરઝોન કક્ષાઅથી આપવામાં આવેલ છે. (૨) આ બાંધકામ ને કોમર્શીયલ અથવા તો રેસીડેન્સીયલ પરમીશન આપેલ છે? રેસીડેન્સીયલ કે કોમર્શીયલ બંને ભેગી હોય તો કોમર્શીયલ કેટલી દુકાન (કેટલા માળ) તથા કેટલા માળ રેસીડેન્સીયલ છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર મિલ્કતમાં રેસીડેન્સીયલ પરમીશન આપવામાં આવેલ છે તથા કોમર્શીયલ પરમીશન આપવામાં આવેલ નથી. મુદ્દાનં.૩ બંગલા,ફલેટ કે દુકાનની ટોટલ સંખ્યા કેટલી છે? કયા માળ પર કેટલી દુકાન, કેટલા ફલેટ, ટોટલ કેટલા માળ બાંધવાની પરમિશન આપવામાં આવેલી છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર મિલ્કતમાં કુલ–૧૬ ફલેટ છે એક માળ ઉપર ચાર ફલેટની પરમીશન આપવામાં આવેલ છે તથા ચાર માળની પરમીશન આપવામાં આવેલ છે. મુદ્દા .નં.૪ પ્લાન કયારે પાસ કર્યો છે? કઈ તારીખે? કયા અધિકારી ધ્વારા કરાયો? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર પ્લાન ટીડીઓ/૧૭૫ તા.૧૩–૯–૦૭ થી મંજુર કરવામાં આવેલ છે. કાર્યપાલક ઈજનેર શ્રી ડી.સી. ગાંધી ધ્વારા મંજુર કરવામાં આવેલ છે. મુદ્દા નં.(૫) સદર બાંધકામ કાયદેસર બંધાયેલ છે એવો રીપોર્ટ કરનાર અધિકારીના નામ સરનામા અને પોસ્ટ જણાવવું. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આરટીઆઈ એકટ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડની જ માહિતી આપવાની હોય છે સદર માહિતી રાંદેરઝોન કચેરીના રેકર્ડ પર ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે.?મુદ્દૃ નં.૬ આગળ પાછળ માર્જીન જગ્યા શા માટે છોડવામાં નથી આવી? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આરટીઆઈ એકટ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડની જ માહિતી આપવાની હોય છે સદર માહિતી રાંદેરઝોન કચેરીના રેકર્ડ પર ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે.મુદ્દા નં.૭ હાલમાં તૈયાર થતું આ બાંધકામ અગાઉ કેટલા માળનું અને કયા હેતુવાળુ હતુ તેની માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આરટીઆઈ એકટ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડની જ માહિતી આપવાની હોય છે સદર માહિતી રાંદેરઝોન કચેરીના રેકર્ડ પર ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે.

વિભાગ–૨ ના મુદ્દા નં.(૧) રાંદેરગામ પાંચ હાટડી પાસે શો–મેન ટેલરની બાજુમા નવું એપાર્ટમેન્ટને વિકાસ પરવાનગી આપવામા આવી છે ? (મસ્જીદ નજીક) તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી રાંદેર ગામ પાંચ હાટડી પાસે શો મેન ટેલરની બાજુમાં નવું એપાર્ટમેન્ટને વિકાસ પરવાનગી વેસ્ટઝોન કક્ષાએથી આપવામાં આવેલ છે. (૨) આ બાંધકામ ને કોમર્શીયલ અથવા તો રેસીડેન્સીયલ પરમીશન આપેલ છે? રેસીડેન્સીયલ કે કોમર્શીયલ બંને ભેગી હોય તો કોમર્શીયલ કેટલી દુકાન (કેટલા માળ) તથા કેટલા માળ રેસીડેન્સીયલ છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર મિલ્કતમાં રેસીડેન્સીયલ પરમીશન આપવામાં આવેલ છે તથા કોમર્શીયલ પરમીશન

આપવામાં આવેલ નથી. તેવું જણાવેલ છે.મુદ્દાનં.૩ બંગલા,ફ્લેટ કે દુકાનની ટોટલ સંખ્યા કેટલી છે? કયા માળ પર કેટલી દુકાન, કેટલા ફ્લેટ, ટોટલ કેટલા માળ બાંધવાની પરમિશન આપવામાં આવેલી છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર મિલ્કતમાં ૮ ફ્લેટ છે એક માળ ઉપર બે ફ્લેટની પરમીશન આપવામાં આવેલ છે તથા ચાર માળની પરમશીન આપવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા .નં.૪ પ્લાન કયારે પાસ કર્યો છે? કઈ તારીખે? કયા અધિકારી ધ્વારા કરાયો? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર પ્લાન ટીડીઓ/૨૨૮ તા.૪–૧૧–૧૦ થી મંજુર કરવામાં આવેલ છે. કાર્યપાલક ઈજનેર શ્રી આર. વી. ગામીત ધ્વારા મંજુર કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે.મુદ્દા નં.(૫) સદર બાંધકામ કાયદેસર બંધાયેલ છે એવો રીપોર્ટ કરનાર અધિકારીના નામ સરનામા અને પોસ્ટ જણાવવું. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આરટીઆઈ એકટ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડની જ માહિતી આપવાની હોય છે સદર માહિતી રાંદેરઝોન કચેરીના રેકર્ડ પર ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે.

વિભાગ–૩ ના મુદ્દા નં.(૧) રાંદેરગામ પાંચ હાટડી પાસે,હરીશ પાન સેન્ટરની બાજુમા નવું એપાર્ટમેન્ટને વિકાસ પરવાનગી આપવામા આવી છે ? (મસ્જીદ નજીક)(૨) આ બાંધકામ ને કોમર્શીયલ અથવા તો રેસીડેન્સીયલ પરમીશન આપેલ છે? રેસીડેન્સીયલ કે કોમર્શીયલ બંને ભેગી હોય તો કોમર્શીયલ કેટલી દુકાન (કેટલા માળ) તથા કેટલા માળ રેસીડેન્સીયલ છે? મુદ્દાનં.૩ બંગલા,ફ્લેટ કે દુકાનની ટોટલ સંખ્યા કેટલી છે? કયા માળ પર કેટલી દુકાન, કેટલા ફ્લેટ, ટોટલ કેટલા માળ બાંધવાની પરમિશન આપવામાં આવેલી છે? મુદ્દા .નં.૪ પ્લાન કયારે પાસ કર્યો છે? કઈ તારીખે? કયા અધિકારી ધ્વારા કરાયો? મુદ્દા નં.(૫) સદર બાંધકામ કાયદેસર બંધાયેલ છે એવો રીપોર્ટ કરનાર અધિકારીના નામ સરનામા અને પોસ્ટ જણાવવું. મુદ્દા નં.૬ આગળ પાછળ માર્જીનની જગ્યા શા માટે છોડવામા નથી આવી? મુદ્દા નં.૭ હાલમાં તૈયાર થયેલ બાંધકા અગાઉ ત્યાં કેટલા માળનું અને કયા હેતુવાળુ બાંધકામ હતું તેની માહિતી આપવી? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર મિલ્કતમાં ટીકા નંબર તેમજ નોંધ નંબરની વિગતવાર માહિતી આપ્યેથી તમામ માહિતી વિગતવાર આપી શકાય. જેમાં અરજદારે મુદ્દા નં.૩ (૧) નો જવાબ આપવામાં આવેલ નથી તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. જેમાં જાહેર માહિતી અધિકારીએ સદર મિલ્કતના ટીકા નંબર તેમજ નોંધ નંબર વિગતવાર માહિતી આપ્યેથી તમામ માહિતીની વિગતવાર માહિતી આપી શકાય તેવં જણાવેલ છે. વધુમાં જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં સુરત મહાનગરપાલિકના રાંદેરઝોન કચેરીએ રજૂ થત પ્લાન ટીકા નંબર / નોંધ નંબરથી રજૂ કરવામાં આવે છે તેમાં કોઈ એપાર્ટ. નાનામે પ્લાન રજૂ થતા નથી તેમજ આરટીઆઈના કાયદા હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરીને જ જવાબ કરવાનો રહે છે તેથી સ્થળ નિરીક્ષણ કરવાનું રહેતું નથી જેથી તે મુજબનો જવાબ કરેલ છે. વધુમાં માંગેલ માહિતી મોજે રાંદેર ગામતળની હોઈ ટીપી સ્કીમ નંબર કે ફાયનલ પ્લોટની માહિતી અસ્તિત્વમાં ન હોય તે અંગેની માહિતી મળી શકે નહીં તેવું જણાવેલ છે. જયારે અન્યો પ્રશ્નો બાબતે રેકર્ડ ઉપલબ્ધ રેકર્ડ ઉપરની માહિતી આપ્યાનું જણાવેલ છે.

અરજદારની આઈ ડી નં.૧૨૮૬ થી તા.૫–૧૨–૧૧ રામાનંદચાર્ય સંસ્કાર સરીતા વિદ્યાભવન હની પાર્ક રોડ બાંધવામાં આવેલ સ્કુલની વિકાસ પરવાનગી અંગે મુદ્દા નં.૧ થી ૧૦ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સુરત મહાનગરપાલિકાને સંબોધતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ આ.નં.૧૬૬૦ તા.૭–૧૨–૧૧ થી કાર્યપાલક ઈજનેર રાંદેરઝોન, અને ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસ વિભાગને તબદીલ કરવામાં આવેલ. અરજદારની અરજી મુદ્દા નં.(૧) શ્રી રામાનંદચાર્ય સંસ્કાર સરિતા વિદ્યાભવન, ગોપાલકિષ્ણ સોસાયટી, રાધાકિષ્ણ એપાર્ટમેન્ટની સામે, હનીપાર્ક રોડ બાંધવામાં આવેલ સ્કુલને વિકાસ પરવાનગી આપવામાં આવી છે ? રે.સર્વે નં., પ્લોટ નં. આપવો. મુદ્દા નં.(૨) આ બાંધકામ ને કોમર્શીયલ અથવા તો રેસીડેન્સીયલ પરમીશન આપેલ છે? રેસીડેન્સીયલ કે કોમર્શીયલ બંને ભેગી હોય તો કોમર્શીયલ કેટલી દુકાન (કેટલા માળ) તથા કેટલા માળ રેસીડેન્સીયલ છે? મુદ્દાનં.૩ બંગલા,ફ્લેટ કે દુકાનની ટોટલ સંખ્યા કેટલી છે? કયા માળ પર કેટલી દુકાન, કેટલા ફ્લેટ, ટોટલ કેટલા માળ બાંધવાની પરમિશન આપવામાં આવેલી છે? મુદ્દા .નં.૪ પ્લાન કયારે પાસ કર્યો છે? કઈ તારીખે? કયા અધિકારી ધ્વારા કરાયો? પ્લાન પાસ કરવા માટે આપવામાં આવેલ દરેક કાગળની ઝેરોક્ષ આપવી. મુદ્દા નં.(૫) પ્રગતિ ફોર્મમાં કરેલી વિઝીટની રેકર્ડ કોપી આપવી. મુદ્દા નં.૬ બી.યુ.સી. આપવામાં આવ્યું છે? મુદ્દા નં.૭ માલિકી અલગ અલગ વ્યકિતની છે કે એક જ વ્યકિતની છે? દરેક માલિકના નામ અને સરનામા આપવા? ? મુદ્દાનં.૮ સદર બાંધકામ કાયદેસર બંધાયેલ છે? એવો રિપોર્ટ કરનાર અધિકારીના નામ સરનામાં અને પોસ્ટ જણાવવું?મુદ્દ નં.૯ આગળ પાછળ માર્જીન જગ્યા શા માટે છોડવામાં નથી આવી? મુદ્દા નં.૧ ૦ હાલમાં તૈયાર થતું આ બાંધકામ અગાઉ કેટલા માળનું અને કયા હેતુવાળુ હતુ તેની માહિતી આપવી.જેના અનુસંધાને રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/૮૮૨ તા. ૨૮–૧૨–૧૧ થી સદર મિલ્કતમાં ટીપી સ્કીમ નંબર તેમજ ફા.પ્લોટ નંબર રે.સ. નંબર, સબ પ્લોટ નંબર, તેમજ વોર્ડ નંબર તેમજ ટેનોમન્ટ નંબરની વિગતવાર માહિતી આપ્યેથી તમામ માહિતી વિગતવાર આપી શકાય. તથા ટીડીઓ/૩૮૫ તા.૧૩–૧૨–૧૧ થી તમોએ જે મિલ્કતની વિગતો આપેલ છે તે મિલ્કત નંબર, ટીપી સ્કીમ નંબર, ફા.પ્લોટ નંબર, રે.સ નંબર વિગેરે દર્શાવેલ નથી. મધ્યસ્થ

શહેર વિકાસ કક્ષાએથી મિલ્કતના નામે કોઈ કાર્યવાહી થતી ન હોય, તમો જે જગ્યાની વિગતો માંગવા માંગો છો તેનો ટીપી સ્કીમ નંબર, મોજે ફા.પ્લોટ નં., રે.સ. નંબર, વિગેરેની પૂર્તતા થયેથી તેની માહિતી આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેવું જણાવેલ છે.

જે અંગે અરજદારે અપીલ નં.૫૮૮ માં જવાબ આપવામાં આવ્યો નથી તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. તથા ૫૮૫ માં પ્રશ્ન ન.૩(૧) નો જવાબ મળેલ નથી જેના અનુસંધાને અત્રેથી બંને પક્ષકારોને આરટીઆઈ સેલ હેઠળ અપીલ તબકકે પૂરક વિગતો માટે પત્ર પાઠવવામાં આવેલ. જેમાં અરજદારને બાંધકામ સ્થળે પ્રદર્શિત ડીસ્પ્લે બોર્ડ, મનપાની વેબસાઈટ કે મહાનગરપાલિકાના સીવીક સેન્ટર કે ઝોન કચેરી ખાતેથી ઉપલબ્ધ ટી.પી. પ્રોગ્રામ હેઠળ સ્થળ, સ્થિતિ સ્પષ્ટ કરી જાહેર માહિતી અધિકારીને જણાવવા પ્રયત્ન કરેલ છે કે કેમ ? તે સ્પષ્ટ કરવા તથા અપીલમાં નમૂના–'ક'ની અરજી તા. ૧૨–૧૧–૧૧જણાવેલ છે ફીની રસીદ તા. ૫–૧૨–૧૧ છે નમૂના–'ક'ની તા. ૧–૧૨–૧૧ની નકલ રજૂ કરેલ છે તે અંગે વિસંગતતા સ્પષ્ટ કરવા સાથે આપને મળેલ પ્રત્યુત્તર સામે નારાજગીની વિગતો મુદ્દાવાર આધાર સહ સ્પષ્ટ કરવા તથા પક્ષકાર જાહેર માહિતી અધિકારી પણ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેમાં અરજદારે બંને અપીલોમાં બાંધકામ સ્થળે ડીસ્પ્લે મુકવામાં આવ્યા નથી કાયદાને સમજાવવા પ્રયત્ન કરવામાં આવેલ નથી તેવી રજૂઆત કરેલ છે. પરંતુ પૂરક માહિતી સંદર્ભે કોઈ વિગતો પૂરી પાડેલ નથી જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પૂરક વિગતોમાં સુરત મહાનગપાલિકાની કચેરીએ રજૂ થત પ્લાન ટીપી સ્કીમ નંબર/ફા.પ્લોટ નં./સબ પ્લોટ નંબરથી રજૂ કરવામાં આવ છે તેમાં કોઈ એપાર્ટ.ના નામે પ્લાન રજૂ થતા નથી તેમજ આરટીઆઈના કાયદા હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરીને જવાબ કરવાનો રહે છે તેથી સ્થળ નિરિક્ષણ કરવાનું રહેતું નથી તેથી તે પ્રકારનો જવાબ કરેલ છે. વધુમાં નવા બાંધકામ ચાલુ હોય તો મિલ્કતદાર સ્થળે ટીપી સ્કીમ નં., ફા. પ્લોટ નંબર તેમજ પ્લાનની મંજુરીની વિગતના બોર્ડ લગાવવામાં આવે છે જ. જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ તરફથીપણ અરજદારે તેમની અરજીમાં માંગેલ માહિતીમાં જમીનની વિગતો જેવી કે ટી.પી. સ્કીમ નંબર, ફા. પ્લોટ નં/મોજે રે.સ નં./ બ્લોક નંબર, સી.સ વોર્ડ નંબર/ ટીકા/નોંધ નંબરનો ઉલ્લેખ કરેલ નથી. અરજદારે જણાવેલ સ્થળ સ્થિતિના આધારે વિકાસ પરવાનગી આપવામાં આવતી નથી પરંતુ ઉપર મુજબના જમીનન નંબર સહિતની વિગતોને આધારે જે તે મિલ્કતદારો તરફથી વિકાસ પરવાનગીની અરજી રજૂ કરવામાં આવે છે અને તે મુજબ પ્લાનની મંજુરી આપવામાં આવે છે. મિલ્કતના નામો રેકર્ડ ઉપર ઉપલબ્ધ કરવામાં આવતા નથી જેથી અરજદારને ઉપર મુજબની જમનની વિગતો બાબતે સ્પષ્ટતા કરવા જણાવેલ છે. જેની તેના આધારે ઉપલબ્ધ રેકર્ડ પરથી માહિતી આપી શકાય. વધુમાં સ્થળ પર ચાલતા બાંધકામો અંગેની મંજુરી તથા જમીનની વિગતો વિગેરે સ્થળ ઉપર રોડ સાઈડે જાહેર જનતાને જાણમાં આવે એવી રીતે બોર્ડ મુકી ઉપલબ્ધ કરાવવામાં આવે છે. જે અંગેના બોર્ડ ઉપરથી સદરહુ બાંધકામની વિગતો મેળવી શકાય તેમ છે. તેવું જણાવેલ છે.

વધુમાં (પોસ્ટ ઓફિસ, ફાયર , એમ્બ્યુલન્સ, ટેલીફોન,આરટીઓ એવી ઘણી અન્ય સરકારી સેવા જે એડ્રેસનાં આધારે ચાલે છે તે એડ્રેસને અમારા ધ્વારા થઈ શકે એટલું સહેલાઈ થી મળી શકે એ રીતે આપવામાં આવ્યું છતાં પણ અમને દિવસો વીત્યા બાદ વાડી તોડીને અમને સવાલ કરવામાં આવ્યો) શું દર્શાવેલી દરેક સરકારી સંસ્થાઓમાં દરેક જગ્યાએ શું ટી.પી. નંબર સર્વે નંબર, સીટ નંબર લીધા બાદ જ કાર્ય કરવામાં આવે છે. શું આરટી.આઈ –૨૦૦૫ મુજબ એવી કોઈ ચોકકસ વ્યાખ્યા કરવામાં આવી છે કે અધિકારી ધ્વારા જે જવાબ આપવામાં આવ્યો છે. જો આ અધિકારીઓ ને સ્થળ ન મળતુ હોય તો અમે જાતે તમારી સાથે આવીને સ્થળ બતાવવા તૈયાર છીએ જેથી અમોને જવાબ મળવા પાત્ર છે. તેવું જણાવી અરજદારે તા.૨૫–૧–૧૨ ના રોજ અપીલ અરજી કરેલ છે.

ત્યાર બાદ અરજદારને અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૧૬૬૦, ૧૬૬૩ તા.૪–૨–૧૨ થી બાંધકામ સ્થળે પ્રદર્શિત ડીસ્પ્લે બોર્ડ, મનપાની વેબસાઈટ કે મહાનગરપાલિકાના સીવીક સેન્ટર કે ઝોન કચેરી ખાતેથી ઉપલબ્ધ ટી.પી. પ્રોગ્રામ હેઠળ સ્થળ, સ્થિતિ સ્પષ્ટ કરી જાહેર માહિતી અધિકારીને જણાવવા પ્રયત્ન કરેલ છે કે કેમ ? તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે અરજદારે તા.૧૦–૨–૧૨ ના પત્રથી બાંધકામ સ્થળે ડીસ્પ્લે બોર્ડ મુકવામાં આવ્યા નથી મહાનગરપાલિકાના અધિકારી તરફથી સમજાવવા પ્રયત્ન કરવામાં આવેલ નથી કે લેટર લખી સ્પષ્ટતા કરવા બોલવવામાં આવેલ નથી. જે અંગે આઈ ડી નં.૧૨૮૧ થી જાહેર માહિતી અધિકારીએ પત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈ/ આ.નં.૮૭૯ તા.૨૮–૧૨–૧૧ તથા આઈ ડી નં.૧૨૮૬ થી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૮૮૨ તા.૨૮–૧૨–૧૧ થી તથા જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ તરફથી પત્ર ન. ટીડીઓ/ ૩૮૫ તા.૧૩–૧૨–૧૧ થી પત્ર લખી સ્પષ્ટતા માંગેલ છે. વધુમાં અરજદારે અપીલમાં અધિકારીને સ્થળ ન મળતું હોય તો જાતે સ્થળ ઉપર બતાવવા તૈયાર છીએ તેવી રજૂઆત આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) સાથે સુસંગત નથી. વધુમાં અરજદાર ધ્વારા પણ સીટી સર્વે કચેરી કે આકારણી દફતર અથવા ટીપી યોજના દફતર ના માધ્યમો ધ્વારા માહિતી મેળવી જાહેર માહિતી અધિકારીએ આપવા પ્રયત્ન કરેલ જણાતો નથી. જાહેર માહિતી અધિકારીએ

પણ અરજદારે જણાવેલ સરનામાના આધારે મિલ્કતોની આકારણી દફતરે નોંધ નંબર હોય તે પરથી મિલ્કતના પ્લોટની શકય હોય તો ઓળખ કરી માહિતી આપવા પ્રયત્ન કરી શકાય પરંતુ તેવો કોઈ પ્રયત્ન જાહેર માહિતી અધિકારી તરફથી પણ થયેલ જણાતો નથી.

અરજદારની પ્રથમ અપીલ તા. ૨૫–૧–૧૨ ધ્યાને લેતાં ૨૩–૨–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત તા ૧૧–૦૩–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. અને માર્ચ ૨૦૧૨ દરમ્યાન ૧૭૭ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૬૭ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૫–૧૨–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી મિલ્કતની ઓળખ બાબતની વિગતો પુરી પાડયેથી માહિતી આપવા તૈયારી દર્શાવેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારીએ આકારણી દફતરે ઉપલબ્ધ નોંધ નંબર કે અન્ય ઓળખની વિગત અરજદારે જણાવેલ મિલ્કતની ઓળખ સુનિશ્ચિત થઈ શકતી હોય તો તેના દફતરી રેકર્ડ પરથી નોંધ નંબર કે સર્વે સીટી નંબરો જો હોય અને તે આધારે માંગેલ માહિતી દફતરી રેકર્ડ અનુસાર આપી શકાય હોય તો દિન–૧૫ ની અવધિમાં આરટીઆઈ કાયદાની કલમ–૭(૩) સાથે નિયત–૫ હેઠળ લાગુ કિસ્સામાં દસ્તાવેજી ફી ભરપાઈ કરવાની રીતે અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા અને તેમ ન થઈ શકે તેમ હોય તો જાહેર માહિતી અધિકારી નં.વેસ્ટઝોન/ આરટીઆઈ/ આ.નં.૮૭૯ તા.૨૮–૧૨–૧૧ તથા આઈ ડી નં.૧૨૮૬ થી પત્ર નં.વેસ્ટઝોન//આરટીઆઈ/આ.નં.૮૮૨ તા.૨૮–૧૨–૧૧ થી તથા જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ તરફથી પત્ર ન. ટીડીઓ/ ૩૮૫ તા.૧૩–૧૨–૧૧ થી અરજદારને સુચિત કરવામાં આવેલ બાબત યથાવત રહેવા પામે છે તે મતલબની વિગતો અરજદારને અત્રેની જાણ હેઠળ પુનઃ અવગત કરાવવા ડે.કકિ. અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તથા ડે.કમિ.(પીએન્ડડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ)ને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૨

પ્રતિ,

(૧) ડે.કમિ. અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન), ડે.કમિ.(પીએન્ડડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ) ...જાણ તથા અમલ માટે

(૨) શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળા